ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# બાળકોને સ્વપ્નો દેખાડતા નેતાઓને બાળમજુરો દેખાતા જ નથી

ગાંધીનગર, તા. ૧૨

આવતીકાલે બાળદિન, ઠેર ઠેર બાળકોને લગતા કાર્યક્રમો યોજાશે. નેતાઓ સરસ મજાનુ ભાષણ કરશે, બાળકો સાથે અગાઉથી ગોઠવાયેલી સ્ક્રીપ્ટ મુજબ રહ્યા છે ત્યાં સેંકડો બાળકોને બાળપણ શું... બચપનની મોજમજા શું ? બચપનની મોજ મજા શું ? તે ખબર જ હોતી નથી. અસ્તિત્વ ટકાવી રાખવા માટે તેઓને માત્ર ૧૦-૧૨ વર્ષની ઉંમરે જ મજુરીમાં



વાતચીત કરી બાળકોને સોનેરી સ્વપ્રા બતાવવાના દેખાડા કરી મિડિયામાં ભરપુર વાહવાહ મેળવવામાં આવશે. પરંતુ આ જ સફેદ પોશ નેતાઓને નાની હોટલ કે ચાની દુકાન પર કામ કરતા બાળકો નથી દેખાતા..! બાળદિનના રોજ જાતભાતના કાર્યક્રમોમાં હાજરી આપતા એક પણ નેતાએ બાળ મજુરીમાં રોકાયેલા કોઈ બાળકની જવાબદારી પોતાના શીરે લીધી હોય તેવુ જાણમાં નથી. બાળ મજુરીને અટકાવવા માટે માત્ર કાગળ પર જ કાર્યવાહી થાય છે...!

બાળપણ એક એવો સમયગાળો છે જે જીવનભર યાદ રહે છે અને ભરપુર મોજમજા માણી શકાય છે..! મિત્રો સાથેની ગોષ્ઠિ કે જાતભાતની રમત, રીસામણા-મનામણા, પીકનીક, સ્કૂલમાં કરાતી મજાક-મસ્તી.

આ હા... કઈ કઈ વાતો યાદ કરવી. બાળપણના ગોઠિયાઓ-મિત્રો જીવનભર યાદ રહે છે અને મોટાભાગે આજીવન મિત્રો બની રહી છે. એટલે જ બાળપણને જીવનનો શ્રેષ્ઠ સમયગાળો કહ્યો છે. જો કે ભારત જેવા દેશમાં જ્યાં ઘણા પરિવારો ગરીબી રેખાની નીચે જીવી જોતરાઈ જવુ પડે છે. ચાની કિટલીઓ, રેસ્ટોરન્ટમાં, ફેરીયા

## સમયસર

તરીકે, ખેત મજૂર કે બાંધકામ મજુર તરીકે કેટલાક કમનસીબ બાળકો ઓછી મજુરીમાં કે પગારમાં મળી જતાં હોવાથી કહેવાતા સમાજ સેવકો પણ આ બાળકો પાસે મજુરી કરાવતા અચકાતા નથી. ઘણા સુખી સમૃદ્ધ પરિવારોમાં નાની ઉંમરની બાળકી કે કિશોરીને આખા ઘરનુ કામ કરાવવા નોકરીએ રાખતા શેઠ-શેઠાણી અચકાતા નથી. શાળાએ જવાની ઉંમરે, મોજમજા કરવાની ઉંમરે આ બાળકો મજુરીના ચક્કરમાં ફસાઈ જાય છે. કેટલાક બાળકો તો એટલા કમનસીબ હોય છે કે તેઓને ક્યારેક બાળપણ માણવાનો મોકો જ મળતો નથી. બાળપણ શું, તેની મુક્તિનો અહેસાસ શુ તેની તેઓને ખબર જ પડતી નથી. ક્યારેક જીવનમાં બાળપણની મજા ન માણનારા તેમના બાળકોને પણ આ અનોખી ખુશીથી દૂર રાખે છે.

આશ્ચર્ય અને આઘાતની વાત

● અનુસંધાન પાન-૭ પર



'બેંક કર્મચારીઓનો સૂત્રોચ્ચાર' વેતન વધારાની સાથે પડતર પ્રશ્નોના ઉકેલની માંગ સાથે રાષ્ટ્રીયકૃત બેંકોના કર્મચારીઓ બુધવારે હડતાળ પર ઉતરી જતા બેંકોમાં કામકાજ ઠપ્પ થઈ ગયું હતું. રાજયના ૪૫ હજાર કર્મચારીઓ સહીત ગાંધીનગરની બેંકોના એમ્પ્લોઈઝ પણ હડતાળમાં જોડાયા હતા. આ દરમિયાન બેંકના કર્મચારીઓએ પડતર પ્રશ્ના મામલે આક્રોશ સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા. (તસવીર : દિપક જાની)

# શહેરની પ્રા. શાળાઓમાં શિક્ષકોની ૭૩ જગ્યાઓ ખાલી : શિક્ષણને માઠી અસર

## છેલ્લા બે-ત્રણ વર્ષથી શિક્ષકોનો બદલી કેમ્પ પણ યોજાયો નથી

ગાંધીનગર, તા.૧૨

શિક્ષણનું સ્તર સુધારવા અને ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા સરકાર દ્વારા શાળા પ્રવેશોત્સવની ઉજવણી સહીતના કાર્યક્રમો યોજી જનજાગૃતિ કેળવવાના પ્રયાસો કરવામાં આવે છે. પરંતુ શાળાના પગથિયા ચઢતા વિદ્યાર્થીઓને પાયાનું શિક્ષણ પુરું પાડવાના મામલે પાટનગરમાં જ દિવા તળે અંધારું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. શહેરની પ્રાથમિક શાળાઓમાં અંદાજિત ૭૩ શિક્ષકોની જગ્યા ખાલી છે. છેલ્લા બે-ત્રણ વર્ષથી શિક્ષકોની બદલીનો કેમ્પ પણ યોજવામાં આવ્યો નથી.

રાજયની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટનો પ્રશ્ન નિવારવા વિદ્યાસહાયકોની ભરતી કરવા સરકારે નિર્ણય લીધો છે. પરંતુ પાટનગરમાં જ વિદ્યાર્થીઓનું પાયાનું શિક્ષણ રુંધાય તેવી સ્થિતિ છે. શહેરની પ્રાથમિક શાળાઓમાં ૭૩ જેટલા શિક્ષકોની જગ્યા ખાલી હોવાનું ધ્યાને આવ્યું છે. જયારે છેલ્લા ૨-૩ વર્ષથી શિક્ષકોનો બદલી કેમ્પ પણ ન યોજાતા જિલ્લામાંથી બદલીના આધારે શહેરની શાળાઓમાં નિમણુંક ઈચ્છતા શિક્ષકો પણ કેમ્પની વાટે છે. શહેરની પ્રાથમિક શાળાઓમાં ધો-૧ થી ૭ માટે આચાર્ય સહિત ફકત બે કે ત્રણ શિક્ષકો જ છે. શિક્ષણ તંત્ર દ્વારા બદલી કેમ્પ પણ યોજાતો નથી. આ સઘળી સ્થિતિ વચ્ચે ગરીબ વિદ્યાર્થીઓને પાયાનું શિક્ષણ પુરું પાડવાનું વધુ કઠીન બન્યું છે.

# વાવોલ અને રાયસણમાં નવી આદર્શ નિવાસી શાળા બનશે

## સ્કુલ તેમજ હોસ્ટેલના બિલ્ડીંગ નિર્માણ પાછળ રૂ. ૩૮ કરોડનો ખર્ચ થશે

ગાંધીનગર, તા.૧૨

વાવોલ અને રાયસણમાં નવી આદર્શ નિવાસી શાળા અને હોસ્ટેલનું બિલ્ડીંગ બાંધવામાં આવશે. આ કાર્યયોજના અન્વયે અંદાજિત રૂ.૩૮ કરોડનો ખર્ચ થશે. ટૂંકમાં ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી શાળા તેમજ હોસ્ટેલનું કામ શરુ કરવામાં આવશે.

વાવોલ અને રાયસણમાં આદર્શ નિવાસી શાળા તેમજ હોસ્ટેલના નવા બિલ્ડીંગનું નિર્માણ કરાશે. વાવોલમાં ઉવારસદ માર્ગ પર તળાવ વિસ્તારમાં છાત્રો માટે હોસ્ટેલ બાંધવા જગ્યા ફાળવવામાં આવી છે. ત્રણ મજલાના આ બિલ્ડીંગનું કામ હાથ ધરતા પૂર્વે પુરાણ પણ કરવું પડશે જયારે વાવોલથી કલોલ ટીંટોડા તરફ જતા માર્ગ નજીક સ્કુલ બનાવાશે. જો કે આ વિસ્તારમાંથી પસાર થતી હાઈ ટેન્શન લાઈન ખસેડવા પાછળ પણ તોતિંગ ખર્ચ થાય તેવો અંદાજ છે. રાયસણમાં પણ પી.ડી.પી.યુ. પાછળ સ્કુલ તેમજ હોસ્ટેલ બનાવાશે. ત્રણ મજલાના આ બંને બિલ્ડીંગો નવા બાંધવાના કામ સંદર્ભે અંદાજિત રૂ. ૩૮ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી છે. જયારે નદી વિસ્તારમાં ધોવાણ અટકાવવા માટે ગેબિયન મુકવામાં આવશે. વાવોલ અને રાયસણમાં આદર્શ નિવાસી શાળા તેમજ હોસ્ટેલના નવા બિલ્ડીંગને બાંધવા આગામી સમયમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. જેના અંતે નજીકના દિવસોમાં સ્કુલ બિલ્ડીંગના નિર્માણનું કામ શરુ કરી દેવાશે.

# વૃક્ષોના ટ્રીમીંગના અભાવે સાઈન બોર્ડ દેખાતા નથી

## વન વિભાગે નવા ત્રણ ટ્રીમીંગ મશીન ખરીદ્યા

ગાંધીનગર, તા.૧૨

શહેરમાં મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વૃક્ષોની ડાળીઓ નમી પડતા દીશા સૂચક બોર્ડ પણ ઢંકાઈ ગયા છે. સેન્ટ્રલ વર્જમાં પણ ડાળીઓ નમી પડી છે. જેના પરીણામે વાહનચાલકો માટે પણ ભયજનક સ્થિતિ સર્જાઈ છે. જો કે વાઈબ્રન્ટ સમિટ પૂર્વે સમગ્ર શહેરમાં ટ્રીમીંગની કામગીરી હાથ ધરવા વન વિભાગે ત્રણ નવા ટ્રીમીંગ મશીન પણ ખરીદ્યા છે.



હરિયાળીથી છવાયેલા ગ્રીનસીટીમાં શહેરના મુખ્ય અને સેકટરોના આંતરિક માર્ગો પર વૃક્ષોની હરિયાળી જોવા મળે છે. ગત ચોમાસા બાદ નગરના મુખ્ય માર્ગો આસપાસ સ્થિત વૃક્ષોનું વનતંત્ર દ્વારા ટ્રીમીંગ કરવામાં આવ્યું હતું. પરંતુ સેકટરોના આંતરિક ભાગો તેમજ મોટા ભાગના રસ્તાઓ આસપાસ હાલ વૃક્ષોની ડાળીઓ નમેલી જોવા મળે છે. અલબત્ત વધેલી ડાળઓ સ્ટ્રીટલાઈટ તેમજ દીશાસૂચક બોર્ડ માટે પણ આડશ બનતા કેટલાક ઠેકાણે બોર્ડ વાંચી શકાતા નથી.

જયારે સ્ટ્રીટ લાઈટનું અજવાળું પણ પથરાતું નથી. શહેરના મુખ્ય ચ માર્ગ ઉપર જ આવી સ્થિતિ છે. જેમાં ખાસ કરીને ચ-૪ થી ચ-૦ વચ્ચેના રૂટમાં વૃક્ષોની વધેલી ડાળીઓ અવરોધરૂપ બની છે. જો કે વન તંત્ર દ્વારા આગામી વાઈબ્રન્ટ સમીટ પૂર્વે શહેરમાં મોટાભાગના વૃક્ષોનું ટ્રીમિંગ કરવામાં આવનાર છે. જયારે ટ્રીમીંગની કામગીરીમાં ગતિ લાવવા ત્રણ નવા મશીનો પણ ખરીદવામાં આવ્યા છે ત્યારે તાત્કાલિક અસરથી વૃક્ષોની ડાળીઓનું ટ્રીમીંગ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# ડો. એ. કે. વર્મા કેન્દ્રિય વીજ મંત્રાલયમાં સંયુક્ત સચિવ નિમાયા

ગાંધીનગર, તા.૧૨

ઈન્ડિયન ફોરેસ્ટ સર્વિસીસના ૧૯૮૬ની બેચના ઓફિસર ડો. અરૂણ કુમાર વર્મા ભારત સરકારના વીજ મંત્રાલયમાં સંયુક્ત સચિવ તરીકે નિમાયા છે. ગુજરાત કેડરમાં પોતાના ૨૭ વર્ષના સેવાકાળ દરમિયાન ડો. વર્માએ ગુજરાત સરકારની વિવિધ અનોખી પહેલનું અમલીકરણ કરવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી છે. વન તથા પર્યાવરણનું વ્યવસ્થાપન, દરિયાઈ કાંઠાના વિસ્તારોનું નિયમન, આદિ જાતિના વિસ્તારોનો વિકાસ અને ગુજરાતના વીજક્ષેત્રની સુધારણા વગેરે માટે તેમણે કરેલા કાર્યો તેમની દ્રઢ ઈચ્છાશક્તિ તથા બુદ્ધિમત્તાનો પરિચય આપે છે.

છેલ્લા ત્રણ વર્ષમાં ડો. વર્માએ ગુજરાતમાં ઈન્ટિગ્રેટેડ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ પ્રોજેક્ટના અમલીકરણની આગેવાની લીધી હતી. વિશ્વ બેન્ક દ્વારા જેના માટે નાણાકીય સહાય આપવામાં આવે છે એવા આ પ્રોજેક્ટના અનેક પાસાં છે, જેમાં પોતાના દરિયાકાંઠાના નિયમન માટે રાજ્યની ક્ષમતાનું નિર્માણ કરવું, કચ્છના અખાતમાં પ્રદુષણના ફેલાય તે માટે સિવેજ ટ્રિટમેન્ટ પ્લાન્ટનું નિર્માણ વગેરે સમાવિષ્ટ છે.

## શ્રદ્ધાંજલિ



એ.પી.એમ.સી. ગાંધીનગરના કર્મષ્ઠ કર્મચારી

**સ્વ. અંબાલાલ નાથાજી ઠાકોર**

સ્વ. તા. ૭/૧૧/૨૦૧૪, શુક્રવાર

જીવન સદા એવું જીવ્યા કે જોનારા જોયા કરે.

કર્મ સદા એવા કર્યા, કર્મ પ્રત્યેની નિષ્ઠા તથા પ્રમાણિકતા જેમનું ઘરેણું બન્યા, સુખ-દુઃખમાં સદા હસતા રહ્યા એવા ભાઈ શ્રી અંબાલાલ ઠાકોરના આત્માને પ્રભુ ચિરઃશાંતિ અર્પે તેવી હૃદયપૂર્વક ભાવભીની શ્રદ્ધાંજલિ.

સદ્દગતનું બેસણું તા. ૧૩/૧૧/૨૦૧૪ને ગુરૂવારના રોજ સવારે ૧૧-૦૦ થી ૫-૦૦ કેમના નિવાસસ્થાને રાખેલ છે.

સ્થળ : ચિલોડા માર્કેટ યાર્ડની સામે બોર ઉપર

રસીકલાલ મણીલાલ પટેલ, ચેરમેન

કેશવલાલ સોમદાસ પટેલ, વા. ચેરમેન

યજ્ઞેશ એન. પટેલ - સેક્રેટરી

તમામ બોર્ડ ઓફ ડીરેક્ટરશ્રીઓ, તથા કર્મચારીગણ

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ગાંધીનગર, મું. રાંધેજા

રાજયના ૧.૫ કરોડ વિદ્યાર્થીઓ માટેનો આરોગ્ય તપાસણીનો મહત્વાકાંક્ષી શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનો શુભારંભ

તારીખ : ૧૩/૧૧/૨૦૧૪ થી તારીખ : ૧૦/૧/૨૦૧૫

ગુજરાતના તમામ વાલીઓને વિનંતી

આજથી શાળા આરોગ્ય કાર્યક્રમ માન. મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલના વરદ્ હસ્તે શરૂ થઈ રહ્યો છે.

તા. ૧૩/૧૧/૨૦૧૪ થી તા.૧૦/૧/૨૦૧૫ સુધી સમગ્ર રાજયની તમામ પ્રાથમિક, માધ્યમિક શાળાઓમાં શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત બધા જ વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસ કરવામાં આવશે. જેમાં આપના બાળકની આરોગ્ય તપાસ અવશ્ય કરાવવા વિનંતી.

શ્રીમતી આનંદીબેન પટેલ
માન.મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

વર્ષ ૨૦૧૩-૧૪માં કાર્યક્રમ દરમ્યાન થયેલ કામગીરી.

| | |
|---|---|
| આવરી લીધેલ શાળાઓના કુલ બાળકો | ૧,૫૬,૬૭,૪૧૨ |
| તપાસેલ કુલ બાળકો (ટકા) | ૧,૪૯,૮૪,૮૮૯ (૯૬ ટકા) |
| તાવ, શરદી, ખાંસી, ગુમડાં જેવી સામાન્ય બિમારીની સારવાર કરેલ બાળકોની સંખ્યા | ૧૫,૦૦,૫૧૬ |
| શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની આંખોની તપાસ કરી નંબર ધરાવતા વિદ્યાર્થીઓને વિનામૂલ્યે અપાયેલ ચશ્મા | ૯૯,૬૪૧ |
| હૃદય, કીડની,કેન્સર જેવી ગંભીર બીમારી ધરાવતા બાળકોને આપેલ સુપર સ્પેશ્યાલીટી સારવાર | ૯,૨૧૨ |

સમગ્ર રાજયમાં આવેલ ૫૨,૧૮૬ આંગણવાડીઓના ૩૯,૭૧,૪૨૬ બાળકો, ૪૧,૨૨૬ પ્રાથમિક શાળાના ૮૮,૨૭,૮૧૫ વિદ્યાર્થીઓ અને રાજયભરની ૯,૨૫૪ માધ્યમિક શાળાના ૨૫,૯૩,૬૫૯ વિદ્યાર્થીઓ અને ખાનગી શાળા, ગુરુકુળ, આશ્રમશાળા અને મદરેસામાં અભ્યાસ કરતા ૨,૬૨,૧૦૬ મળી કુલ ૧,૫૬,૫૫,૦૦૬ વિદ્યાર્થીઓની આ કાર્યક્રમ દરમ્યાન આરોગ્ય તપાસ કરવામાં આવશે. જેના થકી હજારો વિદ્યાર્થીઓની નાની-મોટી બિમારીઓ શોધી તમામ પ્રકારની સારવાર, દવાઓ, ઓપરેશન વગેરે વિનામૂલ્યે રાજ્ય સરકારના સંપૂર્ણ ખર્ચે બાળકોને કરવામાં આવશે.

ઉદ્દ્ઘાટન સમારંભ
તારીખ : ૧૩/૧૧/૨૦૧૪, ગુરુવાર
સમય : ૧૨.૦૦ કલાકે
સ્થળ : ટાઉન હોલ, સેકટર-૧૭, ગાંધીનગર.

શ્રી નીતિન પટેલ
માન.મંત્રીશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ
ગુજરાત રાજ્ય

શ્રી શંકરભાઈ ચૌધરી
માન.મંત્રીશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ
(રાજ્ય કક્ષા)
ગુજરાત રાજ્ય

LED, LCD & Colour TV રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬,
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT — Kisan — ashirvad C. PVC, UPVC — VINAYAK 500 TMT BARS - ISI — BENELAVE BATH FITTINGS — DR. FIXIT — TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com